Extra No. 216

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] WEDNESDAY, JUNE 18, 2025 / JYAISTHA 28, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધુ:

અત્રેની કચેરીના તા.૩૧/૦૫/૨૦૨૫ના હુકમ નં.ડીસી/પીઓએલ-૨/ગ્રામ પંચાયત/જાહેરનામું/વશી/૨૦૨૫(૧)

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.ડીસી/પીઓએલ-૨/ગ્રામ પંચાયત/સુધારા જાહેરનામું/વશી/૨૦૨૫(૧).-ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી-૨૦૨૫નો ચૂંટણી કાર્યક્રમ તા.૨૮/૦૫/૨૦૨૫ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તા.૨૪/૦૬/૨૦૨૫ તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ થનાર છે. જે અન્વયે આમુખ-(૧)ના અત્રેના હુકમથી સાબરકાંઠા જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં હથિયાર જમા લેવા સંબંધે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. જે જાહેરનામામાં (અ) થી (ડ) મુજબના હથિયાર પરવાનેદારોને મુક્તિ આપવામાં આવેલ છે. જે જાહેરનામાના મુદ્દા નં.(બ)માં સુધારો કરવો જરૂરી જણાતો હોઈ આમુખના વંચાણે લીધેલ હુકમના મુદ્દા નં.(બ)ની જગ્યાએ નીચે મુજબ સુધારા હુકમ કરવામાં આવે છે.

(બ) માન્યતા ધરાવતી સિકયુરિટી એજન્સીઓના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કે કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ. ખાતે ફરજ બજાવતા હોય તથા કરન્સી ચેસ્ટની લેવડ-દેવડ કરતાં હોય તેવા હથિયારધારી સિકયુરીટી ગાર્ડ. (આવા સિકયુરીટી ગાર્ડએ તેઓ બેન્કમાં સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોવાનું સંબંધિત બેન્ક મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે.)

જાહેરનામાની અન્ય વિગતો યથાવત રહેશે.

આજ તા.૧૬/૦૬/૨૦૨૫ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિકકા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

લલિત નારાયણ સિંઘ સાંદુ,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ,
સાબરકાંઠા-હિંમતનગર

વાંચ્યો:

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સાબરકાંઠાના તા.૦૪/૦૬/૨૦૨૫ના પત્ર ક્રમાંક:બ-૩/પરીક્ષા/૨૦૨૫/૨૮૫૭૮

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.:ડીસી/પીઓએલ-૨/પરીક્ષા/જાહેરનામું/વશી/૭૯૦/૨૦૨૫.-સાબરકાંઠા જિલ્લામાં જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર ગુજરાત માધ્યમિક એ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર ધ્વારા તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ સુધી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨(વિ.પ્ર./સા.પ્ર.) જુન-જુલાઈ-૨૦૨૫ પરીક્ષા લેવાનાર છે. અત્રેના જિલ્લામાં ધોરણ-૧૦માં હિંમતનગર ઝોન ખાતે કુલ-૧૧ પરીક્ષા બિલ્ડીંગ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ હિંમતનગર ઝોન ખાતે કુલ-૪ પરીક્ષા બિલ્ડીંગ તથા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ હિંમતનગર ઝોન ખાતે કુલ-૨ પરીક્ષા બિલ્ડીંગ ખાતે પરીક્ષા હોવાથી જિલ્લાની ભૌગોલીક પરિસ્થિતિને ધ્યાને લેતાં અત્રેના જિલ્લાના કાર્યક્ષેત્રમાં આવતી વિવિધ શાળાઓ/કોલેજો ખાતે લેવાનાર પરીક્ષા સ્વચ્છ અને શાંત વાતાવરણમાં લેવાય, તેમજ વિશ્વસનીયતાનું વાતાવરણ સર્જાય, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, પરીક્ષા સંચાલકો સરળતાથી ફરજ બજાવી શકે અને પરીક્ષાર્થીઓ નિર્ભય રીતે પરીક્ષા આપી શકે તથા કોઈ ખલેલ ન પડે તે હેતુસર તેમજ વિજ પુરવઠો અવિરત ચાલુ રહે તે માટે જે તે પરીક્ષા કેન્દ્રના સ્થળોએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ સુધી બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું લલિત નારાયણ સિંઘ સાંદુ, (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે -

પ્રતિબંધિત વિસ્તાર અને સમય

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના જે તે પરીક્ષા કેન્દ્રો ખાતે જુન-જુલાઈ-૨૦૨૫માં લેવાનારી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨(વિ. પ્ર./સા.પ્ર.) પુરક પરીક્ષાઓ તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ દરમ્યાન સવારે ૧૦:૦૦ કલાક થી સાંજના ૧૮:૩૦ કલાક સુધી નીચેની સુચનાઓની ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે.

પ્રતિબંધિત કૃત્યો

(૧) સાબરકાંઠા જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિત પરીક્ષા સમય દરમ્યાન મોબાઈલ, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટવોચ કે સ્માર્ટપેન કે તે પ્રકારના અન્ય કોઈ ઈલેકટ્રોનીક્સ ગેઝેટસ અને અનઅધિકૃત લેખન સામગ્રી સાથે લઈ જઈ શકશે નહીં અથવા તેનો ઉપયોગ કરી શકશે નહીં.

(૨) પરીક્ષા સમય દરમ્યાન પરીક્ષાના કેન્દ્રોના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ ભેગું થવું નહી કે સૂત્રો પોકારવા નહી કે સરઘસ અથવા રેલી કાઢવી નહીં, પથ્થર કે બીજા અન્ય પદાર્થ લઈ જવા નહીં.

(૩) પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટર સુધીની ત્રિજયામાં પરીક્ષા સમયગાળા સુધી ઝેરોક્ષ કે અન્ય કોપીયર મશીન ચાલુ રાખી શકાશે નહીં.

(૪) પરીક્ષા કેન્દ્રની આજુબાજુના વિસ્તારમાં પરીક્ષા સમય દરમ્યાન કેન્દ્રમાં સંભળાય તે રીતે માઈક/ મ્યુઝીક વગાડી શકાશે નહી.

(૫) પોલીસ અધિકારી/કર્મચારીના સગા અથવા સંતાનો તેઓને સોંપાયેલ પેટાકેન્દ્ર ખાતે પરીક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તો તે સ્થળે તેઓ બંદોબસ્તની ફરજ બજાવી શકશે નહીં.

(૬) પોલીસ કર્મચારીઓ કોઈ અઘટિત ઘટના બને તે સિવાય પરીક્ષા કેન્દ્રના મકાનની અંદર જઈ શકશે નહીં.

(૭) પરીક્ષા કેન્દ્રોના કેમ્પસની અંદર પરીક્ષાની કામગીરી માટે નિમાયેલ અધિકૃત સ્ટાફ તથા પરીક્ષાર્થીઓ સિવાય અન્ય અનઅધિકૃત વ્યકિતઓ માટે પ્રવેશ પ્રતિબંધ રહેશે.

(૮) પરીક્ષાના દિવસે વિજ પુરવઠો ખોરવાય નહી તે માટે પરીક્ષાના દિવસે ખોદકામ (Digging) કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

અપવાદ

આ હુકમમાં ઉપર દર્શાવેલ મુદ્દા-(૧)માં દર્શાવેલ પ્રતિબંધિત કૃત્ય પરીક્ષા કાર્યવાહીમાં રોકાયેલ અધિકારીઓ/ કર્મચારીઓ તથા પોલીસ ખાતાના અધિકારી/કર્મચારીઓને લાગુ પડશે નહીં; પરંતુ તેઓ પરીક્ષા કેન્દ્રોની અંદર મોબાઈલ, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, કેલકયુલેટર, સ્માર્ટ વોચ કે સ્માર્ટ પેન કે તે પ્રકારના અન્ય કોઈ ઈલેકટ્રોનીકસ ગેઝેટસ, અનઅધિકૃત લેખન સામગ્રી સાથે લઈ જઈ શકશે નહીં અથવા ઉપયોગ કરી શકશે નહીં.

જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ

સદરહું આદેશનો ભંગ કરી જો કોઈ વ્યકિત પાસેથી મોબાઈલ, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, કેલકયુલેટર, સ્માર્ટ વોચ કે સ્માર્ટ પેન કે તે પ્રકારના અન્ય કોઈ ઈલેકટ્રોનીકસ ગેઝેટસ, અનઅધિકૃત લેખન સામગ્રી જેવા સાધનો મળી આવશે તો સ્થળ ઉપરના સુરક્ષા અધિકારી આ સાધનો જપ્ત કરી શકશે.

આ આદેશનો ભંગ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) તથા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આજ તા.૧૭મી જુન, ૨૦૨૫ના રોજ મારી સહી તથા સિકક્કો કરી આપેલ છે.

લલિત નારાયણ સિંઘ સાંદુ,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ,
સાબરકાંઠા-હિંમતનગર

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.06.26 13:26:42 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara